પોલીસ ઇન્સ્પેક્ટરની કચેરી

સેટેલાઇટ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

તા-૩૧/૦૧/૨૦૨૦

# રૂ.૫૬ લાખના દાગીના ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સેટેલાઇટ પોલીસ

સેટેલાઇટ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૦૦૪૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૨૮, ૩૮૦, ૧૧૪ મુજબના કામના ફરીયાદી શ્રી નાઓની ફરીયાદના કામે તા.૨૭/૦૧/૨૦૨૦ ના કલાક ૧૩/૩૦ થી ૧૫/૦૦ વાગ્યા દરમ્યાનમા તેમની સોના-ચાંદીની આર.એસ. જવેર્લસની દુકાનમા બે અજાણ્યા ૪૦ થી ૪૫ વર્ષના આશરાના આવી સોનાના દાગીનાનો ભાવ પુછી ચોરી કરવાના અને વ્યથા કરવાના ઇરાદાથી ફરી.શ્રીને બેહોશ કરનારૂ અને તંદુરસ્તીને હાની કરનારૂ પદાર્થ સુંઘાડી ફરી.શ્રીને બેહોશ કરી ડિસ્પ્લે ટેબલમા પ્લેટમા રાખેલ તથા સ્ટોક કબાટના બોક્ષોમા રાખેલ સોનાની બુટ્ટીઓ તથા લક્કીઓ તથા ચેઇનો પેન્ડલો તથા પેન્ડલ સેટો વિગેરે મળી આશરે ૧૪૦ તોલા સોનાના દાગીના કિ.રૂ.૫૬,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી નાશી ગયેલ વિગેરે મતબલની ફરીયાદ લખાવેલ હોય જેમા પો.કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સા.તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૭ સા. તથા મ.પો.કમિ.શ્રી એન ડીવી. નાઓની સુચનાથી

- જે ગુનાની તપાસ પો.ઇન્સ શ્રી પી.ડી.દરજી સેટેલાઇટ પોલીસ સ્ટેશન નાઓ ચલાવી રહેલ
- સદરી ગુનામા મોટી રકમની ચોરી થયેલ હોય જેથી સદરી તપાસમા અલગ અલગ ટીમો બનાવી સતત આજુબાજુના સી.સી.ટી.વી કેમરા ચેક કરી આજુબાજુના લોકોને પુછપરછ કરી
- પો.ઇન્સ શ્રી નાઓએ અલગ અલગ ટીમો બનાવી બનાવ વાળી જગ્યાના આજુબાજુના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરી તેમજ આવી ચોરીમા પકડાયેલ ઇસમો ઉપર સતત વોચ રાખી અને ખાનગી અને વિશ્વાસુ બાતમીદારો દ્વારા તથા આજુબાજુના લોકોને પુછપરછ કરી તથા ફરીયાદીના મો.ફોનમા રહેલ રેકોર્ડીંગ નો તથા કોલ ડીટેલનો સતત અભ્યાસ કરતા જેમા લેણદારોના ઉઘરાણીના વધુમા વધુ ફોન આવેલ હોય
- ફરી.શ્રી નાઓની દુકાનમા ફરીયાદમા જણાવ્યા મુજબનો ચોરીમા ગયેલ મુદ્દામાલ જેટલી વસ્તુ આજદિન સુધી પોતે દુકાનમા રાખેલાનુ જણાઇ આવેલ નહી તેમજ જુના ખરીદી અને વેચાણના બીલ ચેક કરતા પોતે ગ્રાહકોના ઓર્ડર મુજબનુ કામકાજ કરતા હોય જેથી
- ફરીયાદમા જણાવેલ હકીકત ઉપર પ્રથમથી જ શંકા જણાઇ આવેલ હોય જે આધારે તપાસમા રોકાયેલ પો.ઇન્સ શ્રી તથા ટીમના માણસો દ્વારા ફરીયાદી શ્રી ની યુક્તિ અને પ્રયુક્તિથી વૈજ્ઞાનીક ઢબે અને મેડીકલ ચેકઅપ કરાવી તેમજ ચોરીમા ગયેલ મુદ્દામાલના દાગીનાઓની ડીઝાઇન સબબ તથા વસ્તુ સબબ તથા બીલ તથા આધાર પુરાવા અંગે તથા અગાઉ ખરીદ-વેચાણ કરેલ દાગીનાના બીલ બાબતે ફરીયાદી શ્રી ને સતત પુછપરછ કરતા ફરી.શ્રી ભાગી પડેલ
- ફરી.શ્રી એ માર્કેટમાથી હાથ ઉછીના પૈસા લીધેલ હોય જેઓ પણ સમયસર પોતાની ઉઘરાણી કરતા હોય તેથી પોતે માનસીક તણાવમા આવી ગયેલ અને અમુક અમુક સમયે તેને આત્મહત્યા કરવાનુ પણ મન થતુ હોય પરંતુ તેના માતાપિતા તેમજ મારી પત્નિ તથા બહેનોનુ જોઇ મન માંડી વાળતો અને પૈસાની ઉઘરાણીથી સખત હેરાનગતી થતી હોય જેથી કરીને કંઇક કરવાનુ મન થતુ હોય જેથી એકલા એકલા મનમા નક્કી કરી લીધેલ કે ઉઘરાણી કરવા આવતા માણસો થોડો ટાઇમ ઉઘરાણી કરવા ન આવે અને પોતાની સોના ચાદીની દુકાન આર.એસ.જવેર્લસ ના નામે કટારીયા કંપનીનો રૂ.૯૦,૦૦,૦૦૦/- નો વીમો ઉતરાવેલ હોય જેથી આ મંદિના માહોલમા ચોરી અંગેની ખોટી ફરીયાદ કરૂ તો પોતે છેલ્લા સાત વર્ષથી ભરેલ પ્રિમીયમના પૈસા વસુલ થઇ જાય અને લેણદારોના પૈસા પણ ચુકવાઇ જાય તેવુ મનોમન વિચાર કરી દુકાનના સી.સી.ટી.વી. કેમેરાનુ રેકોર્ડીંગ પણ બંધ ઉપરોકત બનાવ મુજબની કહાની બનાવી ખોટી ફરીયાદ લખાવી હોવાની કબુલાત કરતા હોય જેથી હકીકતમા બનાવ બનેલ નહી અને પોતાની દુકાનમા કોઇ દાગીનાની ચોરી નહી થયેલાની હકીકત જણાવતા હોય જે અનુસંધાને ફરી.શ્રી વિરૂધ્ધમા આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે .

Scanned by CamScanner